**–:વોક–ઈન–ઈન્ટરવ્યું:–**

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી ખાતે ના આરોગ્ય કેન્દ્ર પર કરાર આધારીત મેડિકલ ઓફિસરની જગ્યા ભરવાની હોય, યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૦૪/૦૧/૨૦૨૩ ના રોજ બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમ્યાન નિયામકશ્રી,વિદ્યાર્થી કલ્યાણ,ન.કૃ.યુ,નવસારી ખાતે પોતાની અરજી અને અસલ પ્રમાણપત્રો સાથે સ્વખર્ચે હાજર રહેવા જણાવવામાં આવે છે.અરજી પત્રક www.nau.in વેબસાઈટ પરથી મેળવવાનું રહેશે.

| જગ્યાનું નામ | જરૂરી લાયકાત | ફરજનો સમય | માસિક ઉચ્ચક મહેનતાણુ(રૂ) | જગ્યાનો પ્રકાર |
|---|---|---|---|---|
| મેડીકલ ઓફિસર | એમ.બી.બી.એસ | ૪ કલાક/દિવસ | ૨૮,૦૦૦/– | કોન્ટ્રાકટ ધોરણે ૧૧ માસ માટે |
| | | ૬કલાક/દિવસ | ૪૨,૦૦૦/– | |
| | | ૮ કલાક/દિવસ | ૫૦,૦૦૦/– | |

**તા.૨૩/૧૨/૨૦૨૨** **નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ**

ઈ/ચા.મેડીકલ ઓફીસર
નવસારીકૃષિ યુનિવર્સિટી
નવસારી

આરોગ્ય કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી-૩૯૬૪૫૦

NAVSARI AGRICULTURAL UNIVERSITY

**તબીબી અધિકારી (કરાર આધારિત/ફીક્સ પગાર) નાં**
**વોક-ઈન ઈન્ટરવ્યુ માટેનું**
**અરજી પત્રક (પાન : ૧ થી ૩)**

તાજેતર નો
પાસપોર્ટ
સાઇઝ ફોટો

| | | |
|---|---|---|
| ૧. | અરજદારનું પૂરું નામ: | |
| ૨. | પત્રવ્યવહારનુ હાલનું સરનામું: | |
| ૩. | અ. જન્મ તારીખ: | |
| | બ. ઉંમર:તા:૧/૦૧/૨૦૨૩ ના રોજ પૂર્ણ કરેલ વર્ષ | |
| ૪. | પ્રતિ દિવસ ફરજ બજાવવાની તૈયારી ( √) | ૪ કલાક/૬ કલાક/ ૮ કલાક |
| ૫. | શૈક્ષણિક લાયકાત : M..B.B.S. and above **(With Registration Number)** | |

| ક્રમ | પરીક્ષા નું નામ | યુનિ./ સંસ્થાનું નામ | પરીક્ષા પાસ કર્યાનું વર્ષ | મેળવેલવર્ગ/ ગ્રેડ/ટકા (I/II/Pass) | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

| ૬. | અનુભવની વિગત : | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ક્રમ | અનુભવવાળા હોદ્દાનું નામ | તારીખ થી | તારીખ સુધી | કુલ અનુભવ | | | બજાવેલ સેવાનો સમયગાળો | | કંપની/ સંસ્થાનું નામ |
| | | | | વર્ષ | માસ | દિવસ | ૬ -૮ કલાકની[ સેવા | ૬ કલાકથી ઓછા | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| ૭. | અન્ય સફળતા / વિશિષ્ટતા : | | | | | | | | |

## બાંહેધરી

ઉપરોક્ત તમામ વિગતો સંપૂર્ણ સાચી છે. તેમાં કોઈ પણ પ્રકારની ભુલનો અવકાશ નથી.આમ છતાં ઉપર જણાવેલ કોઈ માહિતી ખોટી પુરવાર થશે તો મારી ઉમેદવારી/પસંદગી/નિમણુંક રદ થવાને પાત્ર રહેશે, જે અંગે હું કોઈપણ પ્રકારનો હક્ક દાવો કરીશ નહી.

સ્થળ: સહી:
તારીખ: પુરૂ નામ:

**<u>કરાર આધારીત/ફીક્સ પગાર થી નિમણુંક થનાર તબીબી અધિકારી માટેની શરતો:</u>**

૧ અરજદારની જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના જરુરી પ્રમાણિત કરેલ પ્રમાણપત્રોની નકલનો સેટ, નિયત અરજી પત્રક સાથે જોડવાનો રહેશે. ઈન્ટરવ્યુ દરમ્યાન અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે બતાવવાનાં રહેશે.

૨ અરજદારે સ્વખર્ચે ઈન્ટરવ્યુ માટે નિયત સ્થળે તથા સમયે હાજર થવાનું રહેશે.

૩ સદરહું નિમણુંક ફક્ત કામચલાઉ અને ૧૧ માસ માટે આપવામાં આવશે.

૪ નવસારી કૃષિ યુનિવર્સિટી કરાર આધારીત/ફીક્સ પગાર થી પસંદગી પામેલ તબીબી અધિકારીને નિયમીત કર્મચારી તરીકે નિમણુંક આપવા બંધાતી નથી તથા કરાર આધારિત પસંદગી પામેલ ઉમેદવારને યુનિવર્સિટીના નિયમિત કર્મચારી ને મળતા લાભોનો કોઈ પ્રકારનો દાવો કરી શકશે નહી.

૫ નિમણુંક કરનાર અધિકારી, જરુર જણાય તો વહીવટી કારણોસર કે અન્ય કારણોસર, પસંદગી પામનાર ઉમેદવારને કોઈપણ જાતની નોટીસ વગર છુટા કરી શકશે.

૬ કરાર આધારીત / ફીક્સ પગાર થી પસંદગી પામેલ તબીબી અધિકારીએ એક સપ્તાહમાં હાજર થવાનું રહેશે. હાજર નહિ થનાર ઉમેદવારની નિમણુંક આપોઆપ રદ્દ થયેલ ગણાશે.

૭ અરજી કરનાર ઉમેદવાર ને ગુજરાતી ભાષાનું જ્ઞાન હોવું જરુરી છે.

૮ સામાન્ય સંજોગોમાં કરાર આધારીત તબીબી અધિકારીએ પોતાની સેવાઓ રવિવાર તથા જાહેર રજાઓ સિવાય નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના આરોગ્ય કેન્દ્ર ખાતે આપવાની રહેશે.

૯ આકસ્મિક સંજોગો/ઈમરજન્સી કેસમાં મુકરર કરેલ સેવાના સમય સિવાય પણ પરિસ્થિતિને આધિન સારવાર આપવાની રહેશે.

૧૦ પસંદગી પામેલ તબીબી અધિકારીએ તેમના નિવાસસ્થાનેથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના આરોગ્ય કેન્દ્ર ખાતે જવા આવવાની સગવડ પોતાની રીતે કરવાની રહેશે. તે માટે યુનિવર્સિટી તરફથી કોઈ વાહનની સગવડ કરવામાં આવશે નહી. આકસ્મિક સંજોગો/ઈમરજન્સી કેસમાં જરુર પડ્યેથી ઉપલબ્ધ યુનિવર્સિટી વાહનનો ઉપયોગ કરી શકશે.

૧૧ આ સિવાય યુનિવર્સિટી તરફથી વખતો વખત જારી કરવામાં આવતા નિયમો અથવા હુકમો સદરહુ તબીબી અધિકારીને બંધનકર્તા રહેશે.

૧૨ આ નિમાણુંક સંબધિત સેવાઓ અંગે વાદ-વિવાદ કે અન્ય બાબતે નિર્ણય લેવાની સત્તા નવસારી કૃષિ યુનિવર્સિટી ની અબાધિત અને આખરી ગણાશે જે નિમાણુંકદારને બંધનકર્તા રહેશે

૧૩ પસંદગી પામેલ સદરહુ તબીબી અધિકારી પોતાની સેવા ચાલુ રાખવા માંગતા ના હોય તો તે અગાઉ તેમણે યુનિવર્સિટીને પંદર દિવસ પહેલા જાણ કરવાની રહેશે.

ઉપર જણાવેલ તમામ શરતો મને માન્ય છે.

**સ્થળ:** **સહી:**

**તારીખ:** **પુરૂ નામ:**